ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

સંક્ષિપ્ત સમાચાર

બોડેલી નગરપાલિકા દ્વારા 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત સફાઈમિત્ર સુરક્ષા અને સન્માન શિબિર યોજાઈ



બોડેલી : બોડેલી શહેરમાં સ્વચ્છ ભારત મિશન (અર્બન) અંતર્ગત 'સ્વચ્છતા હી સેવા અભિયાન 2026'ના ભાગરૂપે 'સફાઈમિત્ર સુરક્ષા એવં સન્માન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. બોડેલીની સફાયર પબ્લિક સ્કૂલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં સફાઈમિત્રોના કીટ આપી સન્માન કરવામાં આવ્યું સાથે તેમના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન 66 સફાઈમિત્રોનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સફાઈમિત્રોનું આરોગ્ય ચેકઅપ કરવામાં આવ્યું હતું. શિબિરનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. સફાઈમિત્રો દ્વારા શહેરની સ્વચ્છતા જાળવવામાં આપવામાં આવતા યોગદાનને બિરદાવતા તેમના સન્માન સાથે અને સુરક્ષાને પણ મહત્વ આપવામાં આવ્યું હતું.

તરવા ગામે આંગણ ઉત્સવ યોજાયો, બાળકોને પોષણ કીટ અને ઇનામો અપાયા



શિનોર : શિનોર તાલુકાના તરવા ગામે આવેલ આંગણવાડી કેન્દ્ર ખાતે પ્રાથમિક શાળાના આચાર્ય વિજયભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આંગણ ઉત્સવ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉત્કૃષ્ટ સેવા આપનાર આશા વર્કર, આંગણવાડી કાર્યકર અને આંગણવાડી હેલ્પરને ડેપ્યુટી સરપંચ રાજેશ વસાવાના હસ્તે પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન લાભાર્થીઓને માતૃશક્તિના 4 પેકેટ, બાલશક્તિના 7 પેકેટ અને પૂર્ણાશક્તિના 4 પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ક્વાંટ તાલુકામાં શિક્ષણ ક્ષેત્રે ૩.૮૦ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત



ક્વાંટ : સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકા ની પાંચ પ્રાથમિક શાળાઓના નવીન ઓરડાઓનો ખાતમૂર્ત જેતપુરપાવી ધારાસભ્ય જયંતીભાઈ રાઠવા જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્રભાઈ રાઠવા ના હસ્તે કરવામા આવેલ કુલ ત્રણ કરોડ 80 લાખના ખર્ચે ૨૦ ઓરડાનો નિર્માણ થનારું છે. જેમાં આથાડુંગરી પ્રાથમિક શાળામાં અંદાજિત 19 લાખના ખર્ચે મંજૂર થયેલ સિંગલ કુવા ગામે 19 લાખના ખર્ચે એક ઓરડો ખાટિયાવાંટ પ્રાથમિક શાળા નંબર 2 માં 76 લાખના ખર્ચે ચાર ઓરડા નવા ઓરડાના ખંડીબારા ગામે ત્રણ ઓરડા 57 લાખના ખર્ચે ક્વાટ પ્રાથમિક શાળા નંબર બે માં 11 ઓરડા 209 લાખના ખર્ચે આમ ક્વાટ તાલુકામાં કુલ ત્રણ કરોડ 80 લાખના ખર્ચે 20 ઓરડાનું નવીન ઓરડાનો નિર્માણ થનારું છે જેનું ખાતમુહૂર્ત જેતપુર પાવી ધારાસભ્ય જયંતિભાઈ રાઠવાના હસ્તે આજરોજ કરવામાં આવ્યો.

કર્મયોગી મહા અભિયાન અંતર્ગત સંખેડા તાલુકાના કર્મચારીઓ માટે બીજા તબક્કાની તાલીમ શરૂ



સંખેડા : ગુજરાત સરકારના સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (SPIPA), ગાંધીનગર દ્વારા નિર્દેશિત અને જિલ્લા કલેક્ટર છોટાઉદેપુરના માર્ગદર્શન હેઠળ કર્મયોગી મહા અભિયાન અંતર્ગત સંખેડા તાલુકાના વર્ગ-3 અને વર્ગ-4 ના કર્મચારીઓ માટે બીજા તબક્કાની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. સેવા સદન, સંખેડા ખાતે યોજાયેલા આ ત્રિદિવસીય તાલીમ વર્ગમાં રેવન્યુ, આરોગ્ય અને પોલીસ વિભાગના કર્મચારીઓને આવરી લેવામાં આવ્યા હતા. આ તાલીમમાં કર્મચારીઓની કાર્યદક્ષતામાં વધારો કરવા માટે અસરકારક સંદેશા વ્યવહાર પરિણામલક્ષી આયોજ વર્તણૂકલક્ષી કૌશલ્યો અને સકારાત્મક અભિગમ જેવા વિષયો પર સઘન તાલીમ આપવામાં આવી હતી. આ પ્રસંગે સંખેડાના મામલતદારશ્રી જીગ્નેશભાઈ પટેલ વર્ગની મુલાકાત લઈ કર્મચારીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને સરકારની આ પહેલનો લાભ લઈ પ્રજાલક્ષી કામગીરીમાં વધુ પારદર્શિતા લાવવા અનુરોધ કર્યો હતો.

કરજણ તાલુકાના ધાવાટ ખાતે સેવાસેતુ ૨.૧ ગ્રામ્ય કાર્યક્રમનું સફળ આયોજન



કરજણ : રાજ્ય સરકારના પ્રજાભિમુખ અભિગમ હેઠળ નાગરિકોને સરકારી સેવાઓ અને કલ્યાણકારી યોજનાઓના લાભો ઘરઆંગણે મળી રહે તેવા હેતુથી વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના ધાવાટ પ્રાથમિક શાળા ખાતે સેવાસેતુ ૨.૧ ગ્રામ્ય કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાસેતુ કાર્યક્રમમાં ધાવાટ સહિત જૂની જીથરડી, નવી જીથરડી, ભરથાલી અને ભરથાણા ગામોના નાગરિકોએ ઉપસ્થિત રહીને વિવિધ યોજનાઓનો લાભ લીધો હતો. આ કાર્યક્રમ દરમિયાન આધાર નોંધણી, આધાર કાર્ડમાં સુધારા, રેશનકાર્ડમાં નામ ઉમેરવું કે કમી કરવું, રેશનકાર્ડમાં સુધારા-વધારા તથા e-KYC જેવી કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત કુંવરબાઈનું મામેરું સહાય યોજના, નમો શ્રી યોજના, પી.એમ.જે.વાય., દિવ્યાંગતા પ્રમાણપત્ર અને હેલ્થ વેલનેસ કાર્ડ અંતર્ગત ડાયાબિટીસ તથા બી.પી. ચકાસણી જેવી આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. તેમજ સ્થળ પર જ નવું વીજ જોડાણ, મેડિકલ, સર્જિકલ અને પશુઓની ગાયનેકોલોજીકલ સારવાર, ડીવોર્મિંગ તથા રસીકરણ જેવી પશુપાલન સંબંધિત સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

પાદરા પોલીસે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

પાદરાના આંતી ગામે તબેલામાંથી ૫૫ કિલો ગાંજો ઝડપાયો

રૂા. 27.55 લાખના મુદ્દામાલ સાથે એક આરોપી ઝડપાયો, બે ફરાર



(પ્રતિનિધિ) પાદરા, તા.30

પાદરા તાલુકાના આંતી ગામે પોલીસે બાતમીના આધારે દરોડો પાડી મકાન નજીક આવેલા તબેલામાં છુપાવી રાખવામાં આવેલો ગાંજાનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે તબેલામાંથી કુલ 55 કિલોગ્રામ ગાંજો કબજે કર્યો હતો, જેની અંદાજિત કિંમત રૂ.27.50 લાખ હોવાનું સામે આવ્યું છે. ગાંજા સહિત મોબાઈલ ફોન, વજનકાંટો અને રોકડ રકમ મળી કુલ રૂ.27,55,520નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે એક આરોપીને સ્થળ પરથી ઝડપી પાડ્યો હતો, જ્યારે અન્ય બે આરોપીઓ પોલીસની રેડ દરમિયાન ફરાર થઈ ગયા હતા.

પાદરા પોલીસને મળેલી બાતમીના આધારે ગતરોજ પોલીસ ટીમે આંતી ગામના ભદારી રોડ પર આવેલા લાલકુવા વિસ્તારમાં દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની ટીમે મકાન નજીક આવેલા તબેલામાં તપાસ કરતા વગર પાસ-પરમિટે ગેરકાયદેસર રીતે સંગ્રહ કરેલો માદક પદાર્થ મળી આવ્યો હતો. તપાસ દરમિયાન વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાના કુલ 55 કિલોગ્રામ જથ્થો મળી આવતા પોલીસે તેને કબજે કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસે સ્થળ પરથી 55 કિલોગ્રામ ગાંજો, અંદાજિત કિંમત રૂ.27,50,000, એક મોબાઈલ ફોન કિંમત રૂ.5,000, એક વજનકાંટો કિંમત રૂ.150 તથા અંગઝડતી દરમિયાન મળેલી રોકડ રૂ.370 કબજે કરી હતી. આમ, પોલીસે કુલ રૂ.27,55,520નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પોલીસે આ ગુનામાં ઈલ્યાસ ઉર્ફે શેરૂ અહેમદભાઈ મલેક (ઉં.વ.28, ધંધો ખેતી, રહે. નવીનગરી, આંગણવાડીની બાજુમાં, આંતી ગામ, તા.પાદરા)ને ઘટનાસ્થળેથી ઝડપી પાડ્યો હતો. જ્યારે મુસ્તાક રહીમભાઈ મલેક, રહે. લાલકુવા વિસ્તાર, ભદારી રોડ, આંતી ગામ અને બચુભાઈ ડોસુભાઈ સીધા, રહે. વડુ, તા.પાદરા સ્થળ પર હાજર ન હોવાથી ફરાર થઈ ગયા હતા.

પોલીસના જણાવ્યા મુજબ, આરોપીઓએ પોતાના અંગત આર્થિક ફાયદા માટે એકબીજાની મદદથી તબેલાની જગ્યાનો ઉપયોગ કરી ગાંજાનો મોટો જથ્થો વેચાણના હેતુથી ગેરકાયદેસર રીતે રાખ્યો હતો. આ અંગે પાદરા પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટની સંબંધિત કલમો હેઠળ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે ફરાર બંને આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ દિશામાં તપાસ અને શોધખોળ શરૂ કરી છે.

ડભોઈ પાલિકાની એક ડસ્ટબિનની કિંમત રૂા. ૨૩,૫૦૦!

(પ્રતિનિધિ) ડભોઈ, તા.30

ડભોઈ નગરપાલિકામાં સત્તા પરિવર્તન બાદ શહેરની ગંદકીને લઈને પ્રાદેશિક કમિશનર દ્વારા વારંવાર નોટિસ આપવામાં આવી રહી છે. બીજી તરફ, ગત બોર્ડના સમયગાળામાં ખરીદાયેલી કચરાપેટીઓની કિંમતને લઈને હવે સવાલો ઊઠ્યા છે. મળતી માહિતી મુજબ, 50 ડસ્ટબિનની પ્રત્યેક કિંમત રૂ.23,500 દર્શાવતું બિલ સામે આવ્યું છે. આમ, 50 નંગનું કુલ બિલ રૂ.11.75 લાખનું હોવાનું જણાવાયું છે. આ ડસ્ટબિન ડભોઈ રેફરલ હોસ્પિટલ માટે મેન્યુઅલ ખરીદી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. જોકે, ખરીદીના આશરે એક વર્ષ બાદ પણ આ ડસ્ટબિન સરિતા ફાટક નજીક આવેલા નગરપાલિકાના ફાયર સ્ટેશનમાં ઉપયોગ વિના લાવારિસ હાલતમાં પડ્યા હોવાનો આક્ષેપ છે.

શિનોર ચોકડીથી નાંદોડી ભાગોળ સુધીની સ્થિતિ જોઈ રોકાયા

ડભોઈમાં ગંદકી જોઈ CM ભૂપેન્દ્ર પટેલ રસ્તા પર જ રોકાઈ ગયા

ડભોઈમાં ગંદકી જોઈ CMનો પારો ચડ્યો, તંત્રને તાકીદ



(પ્રતિનિધિ) ડભોઈ, તા.30

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કેવડિયા સરદાર ડેમના નર્મદાના ઓવારણાં લેવા ગયા હતા. ત્યાંથી પરત ફરતા ડભોઈ શિનોર ચોકડી થી નાંદોદી ભાગોળ વચ્ચે ની ગંદકી જોઈ ઉભા રહી ગયા હતા.અને પગપાળા ચાલી માર્ગ ની બાજુ ની ખદબદ થતી ગંદકી નિહાળી હતભ્રત થઈ ગયા હતા. જેથી પ્રાદેશિક કમિશ્નર ને તાત્કાલિક ધોરણે ગંદકી દૂર કરવા આદેશ આપ્યો હતો.

રાજ્ય ના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કેવડિયા થી સાંજ ના પરત ફરતા ડભોઈ ના ધારાસભ્ય શૈલેષ મહેતા અને પ્રાદેશિક કમીશ્નર ને ડભોઈ તેડાવી ચિફ ઓફિસર ને ગંદકી દૂર કરવા આદેશ આપ્યા હતા. આ અંગે ડભોઈ ના ધારાસભ્ય શૈલેષ મહેતા એ જણાવ્યું હતું કે ગુજરાત ના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એ પોતાના ચિફ સેક્રેટરી ને સૂચના આપી આ ગંદકી માટે ખાસ પ્રોજેક્ટ બનાવી સરકાર માં મોકલી આપવા આદેશ કર્યો હતો.અને ડભોઈ બાયપાસ માર્ગ ની ગંદકી હટાવવા ખાસ આયોજન કરવા જણાવ્યું હતું.ગુજરાત ના મુખ્યમંત્રી ની મુલાકાત સમયે એસ.સી.સેલ ના ઉપાધ્યક્ષ સુકિર્તિબેન તડવી, ધારાસભ્ય શૈલેષ મહેતા, વડોદરા જિલ્લા ભાજપ ના પ્રમુખ ડો.બી. જે. બ્રહ્મભટ્ટ, ડભોઈ શહેર પ્રમુખ દિક્ષિતભાઈ દવે, મહામંત્રી હિરેનભાઈ શાહ, વિજયભાઈ રબારી સાથે સંગઠન ના હોદ્દેદારો, કાર્યકરો મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યાં હતા.

સરસિંડા રાજમાં કેનાલમાં દીપડો, ખેડૂતોમાં ફફડાટ

(પ્રતિનિધિ) સંખેડા, તા. 30

સંખેડા તાલુકાના સરસિંડા રાજ ખાતે દીપડાની હાજરીથી ભયનો માહોલ ફેલાયો છે. જાહેર માર્ગ પર ચેતવણી: ભિલોડીયા બ્રાન્ચ કેનાલ પર સરસિંડા રાજ ખાતે આવેલા પ્રસિદ્ધ મેલડી માતાના મંદિરે આવતા-જતા પ્રવાસીઓ અને ભક્તો માટે આ એક ચેતવણી રૂપ કિસ્સો છે. સ્થાનિક જાગૃત નાગરિક દ્વારા બનાવવામાં આવેલ વીડિયોમાં સ્પષ્ટપણે જોવા મળે છે કે એક ખૂંખાર દીપડો કેનાલની અંદર આરામ ફરમાવી રહ્યો છે. આ વીડિયો હાલમાં Instagram પર વાયરલ થઈ રહ્યો છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, આ જાહેર માર્ગ પર રાત્રે 7:30 વાગ્યા પછી અવરજવર કરવી અત્યંત જોખમરૂપ બની ગઈ છે.

વાઘોડિયા પાલિકા કચરો ફેલાવનારને દંડ ફટકારશે

પ્રથમ વખત રૂ.500 અને ત્યારબાદ રૂ.1,000નો દંડ

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા. 30

આગામી તહેવારો અને ઉત્સવોને ધ્યાનમાં રાખી વાઘોડિયા નગરપાલિકાએ નગરને સ્વચ્છ રાખવા કડક કાર્યવાહી શરૂ કરી છે. બજાર, જાહેર માર્ગો પરની ખાણીપીણીની લારીઓ અને દુકાનદારોને ફરજિયાત ડસ્ટબિન રાખવા તથા કચરો જાહેરમાં ન ફેંકવા નોટિસ આપવામાં આવી છે. સોસાયટી વિસ્તારોમાં પણ જાહેર માર્ગ પર કચરો ફેંકનાર સામે કાર્યવાહી કરવાની ચેતવણી અપાઈ છે.

નગરપાલિકા ચીફ ઓફિસર નિકુંજ રાઠવાએ રાત્રિના સમયે કોર્પોરેટરો સાથે વાઘોડિયા એસટી ડેપો વિસ્તારની ખાણીપીણીની લારીઓ અને ધીરજ ચોકડીની દુકાનોમાં ઓચિંતું ચેકિંગ કર્યું હતું. દરમિયાન દુકાનો બહાર પાનમસાલાની પડીકીઓ, પ્લાસ્ટિક, ચાના કપ અને પાણીની બોટલો સહિતનો કચરો જોવા મળતા સંબંધિત લારી-દુકાનદારોને નોટિસ ફટકારવામાં આવી હતી.

નગરપાલિકાએ જણાવ્યું છે કે સ્વચ્છતા નિયમોનું ઉલ્લંઘન કરનાર વેપારી પાસેથી પ્રથમ વખત રૂ.500 અને ત્યારબાદ દરેક વખતે રૂ.1,000નો દંડ વસૂલવામાં આવશે. નોટિસ બાદ દંડ નહીં ભરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ગંદકી પર નજર રાખવા માટે કોર્પોરેટર, પાલિકા કર્મચારી તેમજ સામાન્ય નાગરિકો જિયો-ટેગ ફોટા પાલિકાને મોકલી શકશે.

ગામની મહિલાઓ એકત્રિત થઈ રોષ વ્યક્ત કર્યો

બોડેલી તાલુકાના જબુગામ ખાતે દારૂબંધી માટેની લોકમાંગ



આઝાદ ચોકમાં બેઠક યોજી પોલીસ સમક્ષ રજૂઆત

(પ્રતિનિધિ) બોડેલી, તા. 30

છોટાઉદેપુર જિલ્લાના જબુગામ ખાતે દારૂના વેચાણ અને સેવન સામે સ્થાનિક મહિલાઓ તથા આગેવાનો એકત્રિત થયા હતા અને દારૂબંધીની લોકમાંગ ઉઠાવી હતી. સ્થાનિક મહિલાઓના જણાવ્યા મુજબ, વિસ્તારમાં દારૂની લતના કારણે અનેક યુવાનોનું જીવન બરબાદ થઈ રહ્યું છે. દારૂના સેવનથી સ્વાસ્થ્યને નુકસાન થવા ઉપરાંત કેટલાક લોકો નાની ઉંમરમાં જ મૃત્યુ પામી રહ્યા હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા હતા. જેના કારણે તેમના પરિવારો માટે પણ ગંભીર ચિંતાનો વિષય બન્યો છે.

આ મુદ્દાને લઈને જબુગામના આઝાદ ચોક ખાતે મહિલાઓ તથા ગામના કેટલાક આગેવાનો અને સ્થાનિકો એકત્રિત થયા હતા. અહીં બેઠક યોજી વિસ્તારમાં દારૂના વેચાણને કારણે સર્જાતી સમસ્યાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. મહિલાઓએ જણાવ્યું હતું કે, દારૂના કારણે અનેક પરિવારોમાં આર્થિક અને સામાજિક મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. ખાસ કરીને યુવાનો દારૂની લતના કારણે શિક્ષણ, રોજગાર અને પરિવાર પ્રત્યેની જવાબદારીથી દૂર જઈ રહ્યા હોવાની રજૂઆત કરવામાં આવી હતી.

સ્થાનિકોની રજૂઆતને ધ્યાનમાં લઈને જબુગામ પોલીસના બીટ જમાદાર પણ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. મહિલાઓ અને આગેવાનોએ તેમની સમક્ષ પોતાની વ્યથા અને સમસ્યાઓ રજૂ કરી હતી. દારૂનું વેચાણ કરતા લોકો સામે કાર્યવાહી કરવામાં આવે અને વિસ્તારમાં દારૂબંધીનો અસરકારક અમલ થાય તેવી માંગ કરવામાં આવી હતી. પોલીસ કર્મચારીએ સ્થાનિકોની રજૂઆત સાંભળી યોગ્ય પગલાં લેવાની ખાતરી આપી હતી.

દરમિયાન, બુધવારના રોજ પોલીસે સ્થાનિકોને સાથે રાખીને જબુગામના વિવિધ વિસ્તારોમાં તપાસ અને દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ દ્વારા દારૂના ગેરકાયદેસર વેચાણ સાથે સંકળાયેલા હોવાની શંકા ધરાવતા અનેક સ્થળોએ તપાસ કરવામાં આવી હતી. તેમજ બુટલેગરોને દારૂનું વેચાણ બંધ કરવા અને કાયદાનો ભંગ ન કરવા કડક ભાષામાં ચેતવણી આપવામાં આવી હતી.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, પોલીસની કાર્યવાહી બાદ હાલ વિસ્તારમાં દારૂનું વેચાણ બંધ થયું હોવાની ચર્ચા છે. જોકે, દારૂબંધીનો કડક અમલ સતત જળવાઈ રહે અને ફરીથી ગેરકાયદેસર દારૂનું વેચાણ શરૂ ન થાય તે માટે પોલીસ દ્વારા નિયમિત પેટ્રોલિંગ અને કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પણ સ્થાનિકોમાંથી ઉઠી છે.

મહિલાઓ અને આગેવાનો દ્વારા ઉઠાવવામાં આવેલી આ લોકમાંગ બાદ પોલીસ તંત્ર દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહીથી જબુગામમાં આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે.

નાણાં વસૂલાયા છતાં સફાઈ નહીં થયાની ફરિયાદ

કરજણમાં સફાઈના નામે ઉઘરાણીના આક્ષેપોથી ખળભળાટ

(પ્રતિનિધિ) કરજણ, તા.30

કરજણ શહેરમાં સફાઈના નામે ઉઘરાણીના આક્ષેપો: સ્વચ્છતા અભિયાન પર પ્રશ્નાર્થ કરજણ શહેર, જે સ્વચ્છતા અને સુઘડતાનું પ્રતીક હોવું જોઈએ, ત્યાંથી સફાઈ કામગીરીને લઈને ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. આ આક્ષેપો માત્ર સફાઈ વ્યવસ્થાની નિષ્ફળતા જ નહીં, પરંતુ ભ્રષ્ટાચાર અને બેદરકારીના ઊંડા મૂળિયાં દર્શાવે છે. એવું કહેવાય છે કે શહેરના કેટલાક વિસ્તારોમાં સફાઈના નામે ઉઘરાણી કરવામાં આવી છે, જ્યારે વાસ્તવિકતા એ છે કે જ્યાં સફાઈની સૌથી વધુ જરૂરિયાત છે, ત્યાં જ ગંદકીના ઢગ જોવા મળે છે. આ પરિસ્થિતિ કરજણના નાગરિકો માટે ચિંતાનો વિષય બની છે.



સ્થાનિક નાગરિકોના મતે, શહેરમાં સ્વચ્છતા જાળવવી એ નગરપાલિકાની પ્રાથમિક જવાબદારી છે. પરંતુ, જ્યાં કચરાના ઢગલા, ગંદકી અને અસ્વચ્છતાનું સામ્રાજ્ય પ્રવર્તે છે, ત્યાં લોકોમાં રોષ અને નારાજગી સ્વાભાવિક છે. આક્ષેપો અનુસાર, સફાઈ કામગીરી માટે નાણાં વસૂલવામાં આવ્યા હોવા છતાં, તે વિસ્તારોમાં સફાઈ થઈ નથી. આ સ્થિતિ "નામ મોટા દર્શન ખોટા" જેવી છે, જ્યાં કાગળ પર કામગીરી દર્શાવવામાં આવે છે, પરંતુ જમીની સ્તરે પરિસ્થિતિ સાવ વિપરીત હોય છે.

સૌથી મોટો પ્રશ્ન એ ઊભો થાય છે કે જો સફાઈ માટે ઉઘરાણી કરવામાં આવી હોય, તો તે નાણાં ક્યાં ગયા અને કઈ સફાઈ કામગીરી માટે તેનો ઉપયોગ થયો? શું આ માત્ર કાગળ પરની કાર્યવાહી છે કે પછી કોઈ મોટી ગેરરીતિનો ભાગ? આ આક્ષેપોની તટસ્થ અને ઊંડાણપૂર્વક તપાસ થવી અત્યંત આવશ્યક છે. જો આ આક્ષેપો સાચા ઠરે, તો તે માત્ર નગરપાલિકાની છબીને જ નહીં, પરંતુ સમગ્ર સ્વચ્છતા અભિયાનને પણ કલંકિત કરશે.

સંખેડાની ઊંડી વસાહતમાં ૭ ફૂટનો મગર ઘૂસ્યો, સફળ રેસ્ક્યુ

ઘરના પરિસરમાં ઘૂસેલા મગરનું ફોરેસ્ટ અને બહાદુરપુર ટીમે રેસ્ક્યુ કર્યું

(પ્રતિનિધિ) સંખેડા, તા. 30

સંખેડા તાલુકાની ઊંડી વસાહતમાં ગત મોડી રાત્રે તળાવમાંથી 7 ફૂટનો વિશાળકાય મગર સીધો રહેણાંક વિસ્તારમાં ઘૂસી આવતા ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મળતી માહિતી મુજબ, સ્થાનિક રહીશ ગોરધનભાઈના ઘરની પાછળના તળાવમાંથી મગર નીકળીને ઘરના પરિસરમાં આવી ચઢ્યો હતો. રાતના સમયે અચાનક મગર દેખાતા પરિવારજનોમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતા પારખીને સરપંચ કમલેશભાઈ વસાવાએ તુરંત બહાદુરપુર એનિમલ રેસ્ક્યુ ટીમ અને સંખેડા ફોરેસ્ટ વિભાગને જાણ કરી હતી.

માહિતી મળતાની સાથે જ ફોરેસ્ટ વિભાગના કુલદીપભાઈ અને ટીમ તથા બહાદુરપુર રેસ્ક્યુ ટીમના લાલાભાઈ, સંજયભાઈ, દીપભાઈ પટેલ, જાગુબેન અને ટીમ સ્થળ પર પહોંચી હતી. મગર ભારે આક્રમક મૂડમાં હતો. ઘડીકમાં ઘાસમાં છુપાઈ જતો તો ઘડીકમાં ગોળ ફરીને (Death Roll) જોરદાર પછાડા મારીને હુમલો કરવાનો પ્રયાસ કરતો હતો. રેસ્ક્યુ ટીમે અત્યંત હિંમત અને સતર્કતા દાખવી પહેલા તેની આંખો અને મોં પર કપડું ઢાંકી તેને શાંત પાડ્યો હતો અને ત્યારબાદ ભારે જહેમત બાદ તેને સફળતાપૂર્વક કાબૂમાં લીધો હતો.

સેવા સેતુ અંતર્ગત ગુલાબપુરા ગામે પશુ આરોગ્ય મેળો યોજાયો

સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત તા. 30-09-2026ના રોજ ગુલાબપુરા ગામ ખાતે પશુ દવાખાના, વાઘોડિયા દ્વારા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પશુ આરોગ્ય મેળામાં પશુપાલકોના પશુઓની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી તેમજ પશુઓના સ્વાસ્થ્ય અને રોગપ્રતિકારક સંભાળ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પશુપાલકોને પશુઓની સમયસર સારવાર, રોગચાળાથી બચાવ તથા પશુ આરોગ્ય અંગેની તકેદારી વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી ગ્રામ્ય વિસ્તારના પશુપાલકો સુધી પશુ આરોગ્યલક્ષી સેવાઓ સરળતાથી પહોંચે અને પશુઓનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર આ પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.